# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/08/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે સવારે અમરેલીના દૂધાળા ખાતે ગુજરાત ગૌરવ સરોવરનુ લોકાર્પણ કરશે.. બપોરે અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.**
2. **નેપાળમાં સર્જાયેલી સ્થિતીમાં ગુજરાતના પ્રવાસીઓ સુરક્ષિત સહાય માટે વિદેશ મંત્રાલય અને જિલ્લા તંત્ર દ્વારા હેલ્પલાઇન નંબર જાહેર.**
3. **સ્વાગત ઓન લાઇન કાર્યક્રમમાં આજે મુખ્યમંત્રી લોકોની ફરિયાદોનું નિવારણ કરશે.**
4. **અમદાવાદ એરપોર્ટ પરથી અલગ અલગ ફ્લાઇટમાં આવેલા મુસાફરો પાસેથી 49 લાખથી વધુનું સોનુ ઝડપાયુ.**
5. **કોલંબો ટેસ્ટમાં ભારત વિજય તરફ અગ્રેસર.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# HM AMIT SHAH STATE VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસ છે. આ પ્રવાસ દરમિયાન તેઓ આજે સવારે અમરેલી અને ત્યારબાદ અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. સાંભળીએ એક અહેવાલ..

## (VC: APARNA KHUNT)

("*કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમના પ્રવાસની શરૂઆતમાં અમરેલી જિલ્લાના દુધાળા ખાતે હરિકૃષ્ણ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત હેતની હવેલી સરોવરનું લોકાર્પણ કરશે. ત્યારબાદ અમદાવાદના શાહીબાગ સ્થિત સર્કિટ હાઉસ એનેક્સી ખાતે આગામી ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સની આયોજનલક્ષી તૈયારીઓની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે. સાંજે શ્રી શાહ ગુજરાત વિદ્યાપીઠના ૭૨મા પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે અને વિદ્યાર્થીઓને સંબોધિત કરશે. આ ઉપરાંત શ્રી શાહ થલતેજ ખાતે યોજાનાર આરવી પટેલ ફાર્મા ઇનોવા એવોર્ડ સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે અને બોપલ ખાતે યોજાનાર લોકદરબારમાં નાગરિકો સાથે સંવાદ કરશે. અપર્ણા ખૂંટ, આકાશવાણી સમાચાર, અમદાવાદ."*)

# AMRELI AMIT SHAH VC

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસે છે. આ પ્રવાસ અઁતર્ગત આજે સવારે અમરેલી જિલ્લાની મુલાકાતે જશે. લાઠી તાલુકાના દુધાળા ગામે આવેલ 'હેતની હવેલી' ખાતે પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા દ્વારા નિર્માણ પામેલા ભવ્ય 'ગુજરાત ગૌરવ સરોવર'નું ભવ્ય લોકાર્પણ ગૃહમંત્રીના હસ્તે થશે.

પદ્મશ્રી સવજી ધોળકીયાના ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા આ સરોવરનું નિર્માણ કરાયું છે. ગામમાં સૌર ઉર્જા, જળ સંચય અને સંરક્ષણ માટે ઉદાહરણરૂપ કામગીરી કરવામાં આવી છે. આ ગામમાં વિના મૂલ્યે વિજળી અપાઇ રહી છે. સાંભળીએ એક અહેવાલ

## (VC: HARESH TANK)

*("દુધાળામાં હેતની હવેલી ખાતે ગુજરાત ગૌરવ સરોવરનું લોકાર્પણ કરવામાં આવશે. દુધાળા પહેલું ગુજરાતનું સૌર ઉર્જા સંચાલિત ગામ છે. શ્રી રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન દ્વારા આ ગામમાં ૪૫૦ કિલોવોટ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરી ઘરો અને જાહેર સ્થળોને જે વિનામૂલ્યે ઉર્જા પૂરી પાડે છે. અમરેલીનો આ વિસ્તાર તેના જળ સંરક્ષણ માટેના પ્રયાસો માટે જાણીતો છે. પાણી સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે અને પાણીની કટોકટીનો સામનો કરવા માટે આ ગામમાં રાજ્યનો પ્રથમ જળ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આકાશવાણી સમાચાર માટે અમરેલીથી હરેશ ટાંકનો રિપોર્ટ.")*

# NEPAL-HELPLINE

નેપાળમાં ભારે વરસાદના કારણે અચાનક સર્જાયેલી ભારે પૂરની પરિસ્થિતિમાં તમામ ગુજરાતી મુસાફરો સલામત હોવાનું જણાવાયું છે.

નેપાળમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્ત નાગરિકોને જરૂરી સહાય અને માહિતી પૂરી પાડવા માટે વિદેશ મંત્રાલય દ્વારા ઇમરજન્સી હેલ્પલાઇન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. જરૂરિયાતમંદ નાગરિકો +977 985 131 6807 અથવા +977 970 910 7500 નંબર પર સંપર્ક કરી શકે છે. રાજકોટ, સુરેન્દ્રનગર તેમજ વાવ થરાદ જિલ્લા તંત્ર દ્વારા નાગરિકો અથવા તેમના પરિવારજનોને કોઈપણ પ્રકારની તાત્કાલિક મદદની જરૂર હોય તો  ઉપરોક્ત હેલ્પલાઇન નંબરો પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

જાહેર કરવામાં આવેલા બંને ઇમરજન્સી નંબરો પર **WHATSAPP** મારફતે પણ સંપર્ક કરી શકાય છે.

# CM SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો ઓગસ્ટ મહિનાનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આજે યોજાશે. સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

નાગરિકો ઓગસ્ટ મહિનાના રાજ્ય સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો આજે સવારે 8-00 થી 11-00 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુરૂવારે બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો સાંભળશે.

# GANDHINGAR TRIBLE MEET

આદિજાતિના જમીન સહિતના વિવિધ પ્રશ્નોને લઈને ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને ગઇકાલે મહત્વની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સુરત સહિતના વિસ્તારોના જમીન પ્રશ્નો અને સાગબારા વિસ્તારમાં ચાલી રહેલા વિરોધ તથા દાવાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા, આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ સહિતના મંત્રીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા. નરેશ પટેલે જણાવ્યું કે કાયદા મુજબના સાચા દાવાઓ મંજૂર કરી આદિવાસીઓને જમીન આપવામાં આવી છે અને જે હકદારો કાયદા મુજબ જમીન મેળવવા પાત્ર હશે, તેમને જમીન મળે તે માટે મહેસૂલ વિભાગને સૂચના આપવામાં આવી છે.

મંત્રી નરેશ પટેલે કહ્યું કે સાચા હકદારોને જમીન આપવાની સાથે જંગલનું સંરક્ષણ કરવું પણ એટલું જ જરૂરી છે. આગામી દિવસોમાં પણ આ મુદ્દે બેઠકો યોજી કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

# BHARAT TAXI SHANKAR CHAUDHRI

સહકારી મોડેલ આધારિત ગ્રામીણ ભારત ટેક્સીનો બનાસકાંઠાના વિંછીવાડી ખાતેથી આરંભ કરાયો. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે ભારત ટેક્સી ગ્રામીણ વિકાસનું એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડશે.

## BYTE: SHANKARBHAI CHAUDHARY (SPEAKER, GUJARAT LEGISLATIVE ASSEMBLY)

*("ભારત ટેક્સી, જેના માધ્યમથી ડ્રાઇવર પોતે ગાડીનો માલિક થઈ શકે તેવું પણ એક ત્રિ-સ્તરીય મોડલ બનાવ્યું છે. ટેક્સી સુઝુકીમાંથી આપશે અને ડ્રાઇવર પોતે ટેક્સીનો માલિક થઈ શકશે. ગેસ બાયો-સીએનજી પ્લાન્ટમાંથી ભરાવશે, એટલે સસ્તામાં પણ સારી મુસાફરી કરી શકશે. ઇન્કમનું એક સાધન બનશે, એક સસ્ટેનેબલ ખૂબ સારું મોડલ આ બન્યું છે.")*

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# AHMEDABAD AIRPORT

અમદાવાદ એરપોર્ટ પરથી સોનાની દાણચોરી કરતાં ત્રણ કેસો કસ્ટમ વિભાગે ઝડપ્યાં છે. આ ત્રણે કેસમાં 49 લાખથી વધુ સોનાના દાગીના જપ્ત કરાયાં છે. ગઇકાલે વહેલી સવારે વિદેશથી આવેલ જુદી જુદી આવેલી ફલાઇટમાં ત્રણ કેસો પકડી પાડવામાં આવ્યા હતા. આ ત્રણ કેસોમાં બે મહિલા મુસાફર તથા એક દંપતી સોનાના દાગીના સાથે ઝડપાયું હતું. એરપોર્ટ પર અબુ ધાબીથી અમદાવાદ આવતી એતિહાદ એરવેઝની ફ્લાઇટ દ્વારા આવેલી એક મહિલા મુસાફરને અટકાવવામાં આવી હતી.

તપાસ દરમિયાન, તેણીની પાસેથી 24 કેરેટ સોનાની 16 લાખ કરતાં વધુની 2 સોનાની ચેઈન મળી આવી હતી. બીજા કિસ્સામાં શારજાહથી અમદાવાદ આવતી એર અરેબિયાની ફ્લાઇટમાં આવેલા એક દંપતી પાસેથી 23 લાખથી વધુની 4 સોનાની બંગડીઓ અને 2 સોનાની ચેઈન મળી આવી હતી, જ્યારે ત્રીજા કેસમાં કુવૈત એરવેઝની ફ્લાઇટ દ્વારા આવેલી એક મહિલા મુસાફર પાસેથી નવ લાખની 1 સોનાનો નેકલેસ, 2 કાનની બુટ્ટી, 1 વીંટી અને પેન્ડન્ટ સાથેની 1 ચેઈન મળી આવી હતી, અમદાવાદના વિભાગ કસ્ટમ્સ વિભાગે આ તમામ સામે કેસ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# DRM VISIT

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ડીઆરએમ વેદપ્રકાશે વિવિધ સ્ટેશનોની આકસ્મિક મુલાકાત કરીને મુસાફરોને ટ્રેનમાં અપાતી ખાણીપીણીની ચીજવસ્તુઓની તપાસ કરી હતી. આ દરમિયાન કેટલીક ગેરરીતીઓ સામે આવતા એક રસોડુ સિલ કરીને 40 લાખ રૂપિયાનો દંડ ફટકારાઓ હોવાનું ડીઆરએમ વેદ પ્રકાશે કહ્યું હતું.

**(BYTE – VED PRAKASH, DRM, WESTERN RAILWAY, AHMEDABAD DIVISION)**

*("અમે ૧૫ થી ૨૦ જેટલા કેટરિંગ યુનિટ અને બેઝ કિચનમાં તપાસ કરી હતી. આ સ્થળોમાં પાલનપુર, મહેસાણા, અમદાવાદ, વટવા, ધ્રાંગધ્રા, વિરમગામ અને સામખિયાળીનો સમાવેશ થાય છે. તેમાંથી એકને સીલ કરવામાં આવ્યું છે, અને બાકીની જગ્યાઓ પર દંડ ફટકારવામાં આવ્યો છે. આ કામગીરી માટે અમારી લગભગ ૧૫ લોકોની ટીમ હતી અને કુલ ૪૦ લાખ રૂપિયાની આસપાસનો દંડ વસૂલવામાં આવ્યો છે.")*

# SHRAVANOTSAV

પવિત્ર શ્રાવણ માસ ચારી રહ્યો છે ત્યારે તેહવારની મોસમ પણ ચાલી રહી છે. આ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા વિવિધ જિલ્લાઓમાં શ્રાવણોત્સવનો આરંભ કરાયો છે. ગ્રામ્ય કલા-કારીગરી, હસ્તકલા અને સ્વસહાય જૂથોના ઉત્પાદનોને વિશાળ બજાર મળી રહે તેવા આશય સાથે શ્રાવણોત્સવના માધ્યમથી વિવિધ મેળા યોજાઇ રહ્યાં છે.

રાજકોટ ખાતે - મંત્રી કુંવરજી બાવળીયાએ મેળાનું ઉદઘાટન કર્યું હતું. જ્યારે ભાવનગરમાં પણ મેયર ઉષા તલરેજાના હસ્તે 20 સ્ટોલ ધરાવતાં મેળાનું ઉદઘાટન કરાયું હતું આ પ્રસંગે ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા ભાવનગર ખાતે તેમજ મહિલા સ્વસહાય જૂથોની આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા અને તેમને આત્મનિર્ભરતા તરફ આગળ વધારવાના હેતુસર 26 લાખથી વધુની  સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

# BHAVNAGAR E-BUS FREE

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા રક્ષાબંધનના દિવસે તમામ સિટી ઈ-બસ સેવાઓમાં મહિલાઓ માટે મુસાફરી સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવાનો નિર્ણય લેવાયો છે.

મહાનગરપાલિકાના દ્વારા તહેવારોની ભીડભાડમાં બહેનોને સુગમ પરિવહન મળી રહે તેવા હેતુથી કરવામાં આવેલી આ પહેલનો લાભ, શહેરની તમામ મહિલાઓને લેવા અપીલ કરાઈ છે.

# WEATHER

છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યના ચાર જિલ્લાના 9 તાલુકામાં વરસાદ નોંધાયો છે. દરમિયાન હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના તટીય વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં રાજ્યમાં ભારે વરસાદની સંભાવના નથી.

રાજ્યમાં અત્યાર સુધીના વરસાદની કુલ 7 ટકા ઘટ નોંધાઈ છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં વરસાદની સ્થિતિ ચિંતાજનક છે અને અહીં સામાન્ય કરતાં આશરે 30 ટકા વરસાદની ઘટ નોંધાઈ છે.

# ARVALLI- LCB

અરવલ્લી પોલીસે શામળાજી નજીક એક હોટેલમાંથી જુગારધામ ઝડપી પાડ્યું છે. અરવલ્લી જીલ્લા એલસીબીએ શામળાજી નજીક એક હોટલમાં ચાલતાં જુગારધામમાંથી 1 લાખથી વધુની રોકડ રકમ, 13 મોબાઈલ અને કાર સહિત રૂ.14 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી હિંમતનગરના 11 વ્યક્તિઓને ઝડપી લીધા હતા.

અરવલ્લી જીલ્લા એલસીબી ટીમ શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, ત્યારે બાતમીના આધારે પોલિસે કાર્યવાહી કરી હતી.

# JUNAGADH-SPORTDAY

જુનાગઢ “રાષ્ટ્રીય રમત દિવસ ખેલકુદ સપ્તાહ”ની ઉજવણીના ભાગરૂપે સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે શાળાકીય રમતોત્સવ અંતર્ગત જિલ્લાકક્ષાની કબડ્ડી, ખો-ખો, વોલીબોલ અને એથલેટીક્સ ભાઈઓની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાઓમાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી વિજેતા થયેલા 1500થી વધુ ખેલાડી ભાઈઓએ ભાગ લીધો હતો.

# CRICKET

કોલંબો ખાતે રમાઇ રહેલી બીજી ટેસ્ટમાં ભારત જીત તરફ અગ્રેસર છે. ફોલોઓન થયા બાદ શ્રીલંકાએ બીજા દાવમાં છ વિકેટે **229** રન કર્યાં છે. શ્રીલંકા હાલમાં **16** રનની સરસાઇ ધરાવે છે. આજે મેચનો છેલ્લો દિવસ છે.